# ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસના લાભનું ફંડ.

## કાયદા તથા કાનુનો.



સુરત

ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ.

સને ૧૮૯૧.

કીંમત ૦)=

# ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતનું અરસપરસના લાભનું ફંડ.

## નામ.

૧. આ ખાતાનું નામ "ગુજરાતના જરથોસ્તીઓનાં મરણ વખતનું અરસપરસના લાભનું ફંડ" કરી રાખ્યું છે.

[નામ.]

## નેમ.

૨. એ ખાતાંની નેમ એ છે જે ગુજરાત ખાતે વસતા એ ફંડના લાભ લેનારા પારસી મેમ્બરોનાં કુટુંબોને અરસપરસ મદદ આપવા માટે એક ફંડ સ્થાપવું. અને તે મધેથી મેમ્બરોનાં ગુજરવા બાદ તેમના "નૉમીની" ઓ–એટલે કે જેઓને તેઓએ પોતાની હયાતીમાં પોતાનો ફાલો લેવા સારૂ નેમેલા હોય–તેમને તેનો લાભ આપવો.

[નેમ.]

## ઑફીસ.

૩. એ ખાતાંની ઑફીસ સુરત ખાતે રહેશે.

[ઑફીસ.]

## ફંડના મેમ્બર.

૪. એ ખાતાંનો લાભ માત્ર જરથોસ્તી મરદો તથા ઓરતોજ મેળવી શકશે. અને જેણી જરથોસ્તી એક વાર આ ખાતાંમાં દાખલ થયા બાદ પોતાનો બાપીકો ધર્મ તજી દેશે તેને વટલેલ ગણી આ ખાતાં સાથનો તેનો સઘળો સંબંધ તે વખતથી બંધ પડેલો ગણાશે. અને તેને આ ખાતાંના મેમ્બર તરીકે ગણવામાં આવશે નહીં. એટલુંજ નહીં પણ તેનો આ ખાતાં ઉપરનો સઘળો હક યા દાવો રદ બાતલ થશે.

[ખાતાંનો લાભ કોણને મળશે.]

૫. આ ખાતાંમાં દાખલ થતા દરેક મેમ્બરની ઉમરની હદ વરસ વીસની ઉપરની તથા વરસ પંચાવનની અંદરની ઠરાવી છે. દરેક મેમ્બરને તેના મેમ્બર થવાની તારીખ પછીથી પુરૂં થતું વરસ તે તેની દાખલ થવાની ઉમર ગણાશે.

[દાખલ થવાની ઉમર.]

૬. મેમ્બરોના બે વર્ગ કરવામાં આવ્યા છે,—પેહેલો તથા બીજો,–અને તેમની કુલ્લે સંખ્યા ૨૫૦૦થી વધુ થવા દેવામાં આવશે નહીં. અને દરેક જરથોસ્તી ઓરત અથવા મરદ જે આ કાયદામાં ફરમાવેલી શરતો મુજબ લાયક હશે, તથા [illegible] ફંડમાં દાખલ થવા માટે ઠરાવેલી ફી તથા ચોક્કસ રકમના

[વરગ તથા સંખ્યા તથા કોણને દાખલ કરવામાં આવશે.]

કૉલ ભરશે તેનેજ આ ફંડમાં દાખલ કરવામાં આવશે. દાખલ થનાર આસામી ગુજરાતનો રહેવાશી હોવો જોઇએ. પણ જો પોતાના ધંધા, રોજગાર, નોકરી અથવા બીજા લાભ અર્થે તેને બહાર ગામ રહેવું પડતું હોય તો ફંડ સાથનું કામકાજ કરવા સારૂ તથા કૉલના નાણા ભરવા સારૂ તેણે સુરત, ભરૂચ, નવસારી કે વલસાડમાં કોઇનો હવાલો આપવો પડશે કે જે ધણી તેને આપવા પડતા કૉલના નાણા ભર્યા જાય, અથવા ઠરાવેલી રકમ "ડીપોઝીટ" મુકવી પડશે, અથવા તો પોતાની મેળે કૉલનું નાણું તેણે સુરત, ભરૂચ, નવસારી કે વલસાડ ખાતે આ ફંડના નેમેલા સેકરેટરી કે એજન્ટો પર બારોબાર કોઇબી પ્રકારે મોકલી આપવું પડશે. જો એવી ગોઠવણ કરવામાં આવશે તોજ તે ધણીના બહારગામ રહેવા છતાં તે એક મેમ્બર દાખલ કાયમ ગણાઈ શકાશે. જે માણસનો તેણે હવાલો આપ્યો હશે તે જો પંદર દીવસની મુદતમાં તેના બદલનો કૉલ નહીં આપશે ને જો પોતાનું ચોકસ ઠેકાણું મેમ્બરે સેક્રેટરીને પુગાડયું હશે તો તેને બીજા પંદર દીવસની નોટીસ તેના રજીસ્ટર્ડ સરનામે મોકલવામાં આવશે ને જો તે મુદતમાં પણ તેના કૉલના નાણા ફંડના સેક્રેટરીને નહીં મળશે તો પછી તેનો બધો હક આ ખાતાં ઉપરથી ઉડી જશે અને રદ બાતલ થશે.

ગુજરાતની હદ.

૭. ગુજરાતની હદ નીચે મુજબ ગણવામાં આવશેઃ—

ઉત્તરે પાલણપોર ને રાધણપોરની દક્ષીણ હદ.
દક્ષીણે પારડી તાલુકાની દક્ષીણ હદ.
પુર્વે દાહોદ તાલુકાની પુર્વ હદ.
પશ્ચીમે કાઠીઆવાડનો દરીઓ.

દાખલ થવાનીરીત

૮. આ ખાતામાં દાખલ થવા ચાહનાર દરેક ઉમેદવારે આ ફંડના કાયદામાં ઠરાવેલા અરજપત્રનો ફૉરમ* તેમાં માગેલી બાબતોને લગતી વીગતોથી ભરી પોતાની સહી કરી સુરતમાં સેક્રેટરીને તથા પરગામમાં ત્યાં ઠેરવેલા એજન્ટોને રજુ કરવો જોઇશે. અને તેને આ ફંડના નેમેલા ડાકટરોમાંના કોઇ એક પાસે પોતાની સારી તંદરોસ્તીની સરટીફીકેટ † સારૂ વૈદક તપાસ માટે હાજર થવું જોઇશે. જો તે સુરત, ભરૂચ, નવસારી કે વલસાડ હાજર થઇ ન શકે તો રૂલ ૬૩ના પાછલા ભાગમાં લખ્યા

* જુઓ ફૉરમ ક ને ખ.

† જુઓ ફૉરમ ગ.

મુજબ ડાકટરની સરટીફીકેટ રજુ કરવી જોઇશે. જો તે અરજપત્ર તથા ડાકટરની સરટીફીકેટ આ ખાતાંની વરકીંગ કમીટીને ખાતરી પુર્વક માલમ પડશે તો સેક્રેટરીની મારફતે મજકુર ઉમેદવારને લખી જણાવવામાં‡ આવશે કે તેની અરજ કબુલ રાખવામાં આવી છે. અને એવા ઉમેદવારે સેક્રેટરીનો જવાબ મળવાથી દીવસ ૧૫ માં પોતાના વર્ગમાં દાખલ થવાની ફી તથા પોતાની ઉમરને લાગુ પડતા આ ફંડના કાયદામાં મુકરર કરેલા કોઠા મુજબના બે કૅાલના નાણાં, આગમજથી મોકલી આપવાં પડશે. ‡ જુઓ ફારમ ધ.

૯. અગર જો કોઈ ઉમેદવાર આ ખાતામાં દાખલ થવાને વરકીંગ કમીટીના ધ્યાનમાં નાલાયક માલમ પડશે, તો તેવા ઉમેદવારને દાખલ કરવામાં આવશે નહીં. અને તેને મેમ્બર તરીકે દાખલ નહીં કરવાના કશાં કારણો જણાવવામાં આવશે નહીં. એવી નામંજુર રહેલી અરજી ઉપર તે નામંજુર રહયાની તારીખથી છમાસ સુધી પાછો વીચાર ચલાવવામાં આવશે નહીં. કોણને દાખલ કરવામાં આવશે નહીં.

૧૦. કલમ ૮ મીમાં જણાવ્યા મુજબ દાખલ કીધેલા દરેક મેમ્બરને આ ફંડની સીલ સાથની વરકીંગ કમીટીના ચેરમેન તથા એક મેમ્બર તથા એમાંથી એક સેક્રેટરીની સહી કીધેલી મેમ્બર તરીકેની એક સરટીફીકેટ‖ મુફત મળશે. આ સરટીફીકેટ કોઇ વખતે ખોવાશે, અથવા ગેરવલે જશે, અથવા તો કોઇ પ્રકારે તેનો નાશ થશે, તો તે બાબતની સંતોશકારક જુબાની વરકીંગ કમીટીને લખી રજુ કરવાથી રૂ ૧ ની ફી લઇ નવી સરટીફીકેટ આપવામાં આવશે. સરટીફીકેટ. ‖ જુઓ ફારમ ચ. નવી સરટીફીકેટ.

૧૧. દરેક નવો દાખલ થનાર મેમ્બર તેને દાખલ કર્યાની જે તારીખની તેને સરટીફીકેટ મળે તે તારીખથી દીવસ ૬૦ સુધીની મુદતમાં આ ફંડનો લાભ મેળવવાને લાયક થશે નહીં—એટલે કે જો તે ૬૦ દીવસની મુદતમાં તે દાખલ થનાર મેમ્બરની કજા થઇ તો તેના 'નૅામીની' કે 'નૅામીની' ઓને આ ફંડનો કશો લાભ મળશે નહીં—તેમજ નવા દાખલ થનાર મેમ્બર પાસેથી ઉપલી ૬૦ દીવસની મુદત સુધીમાં મરણના કૅાલ પણ લેવામાં આવશે નહીં. જો એ ૬૦ દીવસની મુદત દરમ્યાન તેની કજા થશે તો તેણે ભરેલી દાખલ થવાની ફી તથા 'ઍડવાન્સ' કૅાલના નાણા તેના 'નૅામીની' કે 'નૅામીની' ઓને પાછા આપવામાં આવશે. ફંડનો લાભ કયાં સુધી નહીં મળશે.

મેમ્બરોના નામની ટીપ.

૧૨. સઘળા મેમ્બરોનાં નામની ટીપ (તેઓના ધંધા તથા રહેઠાણુ અને તેઓની ઉમર વીગેરેની સઘળી વીગતની યાદી સુધાં) ફંડ ખાતાંની આફીસમાં તે માટે રાખેલાં ખાસ દફતરમાં નોંધવામાં આવશે. જે દફતર સઘળે ઘટતે વખતે સેક્રેટરીની અથવા વરકીંગ કમીટીના સરનશીનની પરવાનગીથી મેમ્બરોને જોવા દીધામાં આવશે.

તેઓનું ઠેકાણું બદલવાની નોટીસ.

૧૩. દરેક મેમ્બરે પોતાના રેહઠાણુ અથવા ઠેકાણા બદલાની ચેતવણી સેક્રેટરીને લખીને આપવી પડશે, જ્યાં તેને સરનામે કૉલને લગતી, અથવા બીજી સઘળી ફંડના કામકાજને લગતી નોટીસો મોકલવામાં આવશે.

ઠેકાણું બદલવાની નોટીસ નહીં આપવાનું પરીણામ.

૧૪. પણ જો કોઇ મેમ્બર પોતાનું રહેઠાણ બદલતી વખતે ઉપલી કલમમાં ફરમાવવા મુજબ સેક્રેટરીને લખીત ચેતવણી આપશે નહીં, અને તે સબબથી જો તેને ફંડ ખાતાની કોઇ પણ નોટીસ નહીં પોંહચશે, અને તે કારણથી તેના લાભને કોઇ પ્રકારે નુકસાન થશે, તો તેનો જોખમ તેને પોતાને શીર રહેશે.

પેહેલા વરગમાંથી બીજા વરગમાં જવાની રીત.

૧૫. હરકોઇ મેમ્બર એકવાર પેહેલા વર્ગમાં દાખલ થવા પછી કાંઇ કારણુસર સેક્રેટરીની મારફતે વરકીંગ કમીટીને લખી પોતાની ખાહેશ બીજા વર્ગમાં જવાની દેખાડશે, તો તેવા મેમ્બરને બીજા વર્ગમાં દાખલ થવા દીધામાં આવશે, અને તેને મળેલી પેહેલા વર્ગની સરટીફીકેટ રદ કરી તેને બદલે બીજા વર્ગની સરટીફીકેટ મુફત આપવામાં આવશે. અને ત્યાર બાદ તેને બીજાજ વર્ગનો પોતાની દાખલ થતી વખતની ઉમરને લાગુ પડતો કૉલ ભરવો પડશે. અને તે સઘળી પ્રકારે બીજા વર્ગના મેમ્બર તરીકે લેખાશે. પણ તેણે આગળ પેહેલા વર્ગમાં ભરેલી ફી, તથા આગમચથી ભરેલાં કૉલના નાણાંમાંથી કાંઇ પણ વળતર મળશે નહીં.

બીજા વરગમાંથી પેહલા વરગમાં જવાની રીત.

૧૬. અગર જો કોઇ મેમ્બર બીજા વર્ગમાંથી પેહેલા વર્ગમાં દાખલ થવા ચાહશે તો તેને એક તદન નવાજ દાખલ થતા મેમ્બર તરીકે ગણવામાં આવશે, અને નવા મેમ્બરોને ફંડમાં દાખલ થવાની સઘળી શરતો તેને લાગુ પડશે. એટલુંજ નહીં પણ તેણે આગળ બીજા વર્ગમાં ભરેલી ફી તથા આગમચથી આપેલાં કૉલનાં નાણાં તેને મજરે મળશે નહીં.

ઉમરની સાબેતી.

૧૭. દરેક ઉમેદવારે આ ખાતાંમાં જોડાતી વખતે પો-

તાના અરજપત્રમાં જણાવેલી ઉમર ખરી છે, તે પુરવાર ક-
રવા સારૂ પોતાની જનમકાળની નોંધ, યાને ટપકો, રજુ કરવો
પડશે. અને એવી કોઇ સતાવાર નોંધની ગેરહાજરીમાં પોતા-
ની વયની સાબેતી માટે કોઇ એક મેજીસ્ટ્રેટ અથવા મેનેજીંગ
કમીટીના એક મેમ્બર આગળ એકરાર કરેલી પોતાની પ્રતીજ્ઞા† † જુઓ ફારમ ખ.
રજુ કરવી પડશે.

## લવાજમ.

૧૮. આ ફંડમાં દાખલ થવાની પેહલા વર્ગની ફી રૂ ૫) દાખલ થવાની ફી.
તથા બીજા વર્ગની ફી રૂ ૩) ઠરાવવામાં આવી છે, અને એવી
રીતે જમા થયલી રકમ આ ફંડનું રીઝરવ ફંડ ગણાશે અને રીઝરવ ફંડ.
મુદલ થાપણ અનામત રાખી તેનું વ્યાજ આ ફંડના ચાલુ
ખરચમાં વાપરવામાં આવશે.

૧૯. દરેક મેમ્બરે દાખલ થતી વેળાએ પોતાના વર્ગની કૉલના નાણાં.
દાખલ થવાની ફી ઉપરાંત પોતાના વર્ગના પોતાની ઉમરને
લાગુ પડતા નીચે જણાવેલા કોઠામાં ફરમાવવા મુજબના બે
કૉલ આગમજથી આપવા પડશે. એ પ્રમાણે આગમજથી લી-
ધેલા કૉલના નાણા ઍડવાનસ કૉલ ખાતે જમે રાખવામાં આવશે.

## પેહેલા વર્ગના કૉલને લગતો કોઠો.

પેહેલા વરગના કૉલ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક. | જો દાખલ થતી વખતે મેમ્બર ૨૦ વરસની ઉપર ને ૨૫ વરસની અંદર હોય તો | | | | | રૂ ૦ાાા |
| ખ. | ,, | ૨૫ ની ઉપર ને | ૩૦ ની અંદર | | | રૂ ૦ાાા= |
| ગ. | ,, | ૩૦ | ,, | ૩૫ | ,, | રૂ ૧ |
| ઘ. | ,, | ૩૫ | ,, | ૪૦ | ,, | રૂ ૧= |
| ન. | ,, | ૪૦ | ,, | ૪૫ | ,, | રૂ ૧ા |
| ચ. | ,, | ૪૫ | ,, | ૫૦ | ,, | રૂ ૧ા= |
| છ. | ,, | ૫૦ | ,, | ૫૫ | ,, | રૂ ૧ાા |

બીજા વર્ગના મેમ્બરોએ ભરવાના કૉલ ઉપલા કોઠામાં બીજા વરગના કૉલ.
જણાવેલા કૉલથી અરધા સમજવા.

૨૦. જો હરકોઇ મેમ્બર આ ખાતાં સાથનો પોતાનો ખાતાં સાથનો સંબંધ બંધ થવાનું પરીણામ.
સંબંધ છોડી જશે, અથવા મેમ્બર તરીકેનો તેનો હક કોઇ
બીજી પ્રકારે બંધ થશે, તો તેણે ફંડમાં દાખલ થવા માટે ભ-
રેલી ફી તથા આગમજથી આપેલા કૉલનાં નાણાં ફંડ ખાતે
જમા કરવામાં આવશે. અને તે ઉપરથી તેનો સઘળો હક રદ
બાતેલ થશે.

ફાલ ક્યારે કહાડવો.

૨૧. આ ફંડના હરકોઇ મેમ્બરના મરણ વખતે દરેક હયાત મેમ્બરપર કલમ ૩૬ તથા ૩૭ માં જણાવ્યા પ્રમાણે એક ફાલ કાહડવામાં આવશે, અને એવા સઘળા ફાલની ખબર* સેક્રેટરી સઘળા હયાત મેમ્બરોને તેઓએ નોધાવેલાં સરનામે પોંહચાડશે.

* જુઓ ફારમ છ.

ફાલ ભરવાની મુદત.

૨૨. ઉપર જણાવવા મુજબ સેક્રેટરીથી ખબર મળ્યા પછી દરેક હયાત મેમ્બરે પંદર દીવસની મુદતમાં ફાલના નાણા ફંડની આફીસમાં મોકલી આપવાં પડશે. જે મળવાથી સેક્રેટરી પોતાની સહી સાથની પોંહચ † એવા દરેક ભરનાર મેમ્બરને આપશે. ભરેલા ફાલની રસીત મેમ્બરોએ પોતાની સરટીફીકેટ સાથ જાળવી રાખવી પડશે.

† જુઓ ફારમ જ.

ફાલ નહીં ભરવાનું પરીણામ.

૨૩. ઉપલી કલમમાં જણાવવા મુજબની મુદત ગુજરવા બાદ જેણી મેમ્બરોએ પોતાનો ફાલ ભરયો ન હશે તેને સેક્રેટરી બીજા પંદર દીવસમાં તે ભરી દેવા માટે એક બીજી લખીત ચેતવણી ‡ આપશે, અને તે છતાં પણ જો કોઇ મેમ્બર તે મુદતમાં પોતાનો ફાલ મોકલી નહીં આપશે તો તેવા મેમ્બરનું નામ આ ફંડના દફતરમાંથી કાઢી નાખવામાં આવશે, અને તેને મળેલી સરટીફીકેટ રદ કરી તેણે ભરેલી ફી તથા આગમજથી આપેલાં ફાલના નાણાં ફંડ ખાતે જમે કરવામાં આવશે, અને તેનો તથા તેના "નૉમીની" ઓનો આ ફંડ ઉપર જે કાંઇબી હક યા દાવો હશે, તે સઘળો રદ બાતલ થશે. પણ જો કોઇ મેમ્બર, ઉપર આવેલી કલમમાં જણાવેલી લખીત ચેતવણીની અંદર આપેલી મુદતની આખેરી પછી બીજા એક માસની મુદતમાં, પોતાનો ફાલ નહીં ભરી શકવાનો સંતોશકારક ખુલાસો વરકીંગ કમીટીને લખી જણાવશે, અને જો તે ખુલાસો વરકીંગ કમીટીને વાજબી માલમ પડશે, તો તેવા મેમ્બર પાસેથી ચઢેલાં ફાલના નાણા લઈ તેને મેમ્બર તરીકેનો હક પાછો બખશવામાં આવશે.

‡ જુઓ ફારમ ઝ.

## "નૉમીની."

"નૉમીની"

૨૪. જે ધણી* અથવા ધણીઓને આ ફંડના મેમ્બરે આ કાયદામાં ઠરાવેલી શરત મુજબ પોતાના મરણ પછી પો-

* "ધણી" બોલ મરદ તેમજ ઓરત મેમ્બરને એકસરખો લાગુ પાડયો છે.

તાનો ફાયદો લેવા મુકરર કીધેલા હોય, તેને અથવા તેઓને મજકુર મેમ્બરના "નૉમીની" કહેવામાં આવશે.

*"નૉમીની"ની ઉમર.*

૨૫. દરેક મેમ્બરના "નૉમીની" જરથોસ્તીજ હોવા જોઇએ, તથા કાયદા પ્રમાણે ઓછામાં ઓછા ૧૮ વરસની વયના હોવા જોઇએ. જેમ એક મેમ્બર પોતાના "નૉમીની" તરીકે કોઇ પણ જરથોસ્તીઓને નેમી શકશે તેમજ જો તેની મરજી હશે તો તે કોઇ જરથોસ્તીને લગનાં ધરમ ખાતાંને અથવા ધરમનાં ફંડને તેમજ આ ફંડને પણ "નૉમીની" ઠેરવી શકશે.

*"નૉમીની" ઠરાવવાની રીત.*

૨૬. દરેક મેમ્બરે આ ફંડમાં દાખલ થતી વખતે, આ ફંડના નક્કી કીધેલા અરજપત્રના ફારમમાં પોતાના "નૉમીની"ના નામ, પોતાની સહી સાથે દાખલ કરવાં પડશે, અને એવા અથવા બદલાયલા "નૉમીની" અથવા "નૉગીની" ઓ સીવાય બીજાં કોઇ પણ આસામીઓને તે મેમ્બરનાં મરણ બાદ આ ફંડમાંથી કશો હીસ્સો આપવામાં આવશે નહીં.

*"નૉમીની"ના નામની ટીપ.*

૨૭. "નૉમીની" ઓના નામની ટીપ ફંડના તે માટે રાખેલાં ખાસ દફતરમાં રહેશે, અને તે મેનેજીંગ કમીટીના મેમ્બરો, સેક્રેટરી, તથા ઑડીટરો સીવાય બીજા કોઇ પણ ખાનગી આસામીઓને મેનેજીંગ કમીટીની પરવાનગી વગર દેખાડવામાં આવશે નહીં.

*"નૉમીની"ના મરણથી થતી ફેરબદલી.*

૨૮. જો કોઇ "નૉમીની" અથવા "નૉગીની" ઓનું મરણ તેને અથવા તેઓને નેમનાર મેમ્બરની હયાતીમાં થશે, તો તે મરણ પામેલા "નૉમીની" અથવા "નૉગીની" ઓને બદલે બીજા "નૉમીની" અથવા "નૉગીની" ઓ નેમવાનો હક મજકુર મેમ્બરને રેહેશે. આ નવી નેમણુંકની નોધ ફંડના દફતરમાં તથા મેમ્બરને આપેલી સરટીફીકેટની પાછળ કરવામાં આવશે, અને તે માટે કશી ફી લીધામાં આવશે નહીં.

*હયાત "નૉમીની"ની ફેરબદલી.*

૨૯. જો કોઇ મેમ્બર ઉપલી કલમમાં લખેલાં કારણ સીવાય કોઇ બીજાં કારણસર પોતાના આગલા ઠરાવેલા "નૉમીની" અથવા "નૉમીની" ઓ બદલવા ચાહશે તો તે આગલા "નૉમીની" અથવા "નૉમીની" ઓને બદલે બીજા "નૉમીની" અથવા "નૉમીની" ઓ નેમી શકશે, જે ફેરવાયેલી નેમણુંકની નોધ ફંડના દફતરમાં તેમજ મજકુર મેમ્બરની સર-

ટીફીકેટની પાછળ કરવામાં આવશે, અને તેમ કરવા માટે મજકુર મેમ્બર સોડેથી આઠ આનાની ફી લેવામાં આવશે.

મેમ્બરના મરણની ખબર.

૩૦. હરકોઇ મેમ્બરના મરણની ખબર તેનાં "નૉમીની" અથવા "નૉમીની" ઓએ તે મરણ પછી વધતાંમાં વધતી ૩ માસની મુદતની અંદર ફંડની આફીસમાં લખીને જણાવવી પડશે.

તેની સાબેતી તથા "નૉમીની"ની પોતાની નેમણુકની સાબેતી.

૩૧. દરેક મેમ્બરના "નૉમીની" અથવા "નૉમીની" ઓએ મરણ પામેલા મેમ્બરના હીસ્સાનો દાવો કરતી વખતે મરણ પામેલા મેમ્બરને આ ફંડમાંથી તેને દાખલ થતી વેળાએ મળેલી સરટીફીકેટ, તથા તેણે આ ફંડમાં ભરેલા છેલા એક કૉલની રસીત, તથા જે મેમ્બરના હીસ્સાનો દાવો તે રજુ કરે છે તે મેમ્બરના મરણની સાબેતી તરીકે મરનારને આવલમંજલ પોંહચાડતી વખતે પંચાયત તરફથી મળતી યાદી અથવા તેની ગેરહાજરીમાં કોઇ મેજીસ્ટ્રેટ પાસેથી અથવા મેનેજીંગ કમીટીના એક મેમ્બર પાસેથી મેળવેલી મરણની સરટીફીકેટ; જો દરીઆમાં મરણ થયું હશે તો કોઇ "જસટીસ–ઓફ–ધી પીસ" ની તે બાબેની સરટીફીકેટ અથવા મેનેજીંગ કમીટીના એક મેમ્બરની સરટીફીકેટ તથા મરનાર મેમ્બરનો નેમેલો "નૉમીની" તેજ છે તેની સાબેતી માટે કોઇ "જસટીસ–ઓફ–ધી–પીસ" અથવા ફંડના ત્રણ મેમ્બરો, અથવા મેનેજીંગ કમીટીના એક મેમ્બરની સહી સાથની સરટીફીકેટ, સેક્રેટરીને રજુ કરવી પડશે.

મેમ્બરનો ફાળો તેના "નૉમીની" ને આપવાની રીત.

૩૨. ઉપલી કલમમાં ફરમાવવા મુજબની સરટીફીકેટો જો વરકીંગ કમીટીને ખાતરી પુરવક માલમ પડશે, તો મરનાર મેમ્બરના "નૉમીની" અથવા "નૉમીની" ઓને મરણ પામેલા મેમ્બરના મરણની ખબર સેકરેટરીને મળવાના દીવસથી વધતામાં વધતી ચાર માસની મુદતમાં, ફંડના કાયદામાં ઠરાવેલો મરનાર મેમ્બરને ફાળે આવતો હીસ્સો, વરકીંગ કમીટીને જેમ સવળ દીસશે તેમ, એક યા બે હફતામાં આપવામાં આવશે; પણ જો તેના મરણ વખતે તેની ઉપર લાગુ પડેલા કૉલ, જેની નોટીસ તેને પુગડાઇ ચુકી હશે, પણ તેના નાણા ભરવાની ઠરાવેલી મુદત પુરી થવા અગાઉ તેના ગુજરી જવાથી તે કૉલ તેણે ભર્યા નહીં હશે, તેમજ તેની હયાતીમાં ગુજરી જનાર બીજા મેમ્બરો માટે કાહાડેલા કૉલની નોટીસ તેના ગુ-

જરી જવા અગાઉ તેને પોંહોચડાઇ શકી નહીં હશે તેવા બંને જાતના કૉલના નાણાં તેના ફાળામાંથી કાપી લીધામાં આવશે.

૩૩. જો કોઇ મેમ્બરના "નૉમીની" અથવા "નૉમીની" ઓ, મરનારના મોહોત ખરચ સારૂ મરનારના આ ફંડ મધેના હીસ્સાનો થોડો ભાગ તરતજ માગશે ને વરકીંગ કમીટીને તે વાજબી લાગશે તો તે બાબેની પોતાની ખાતરી થવાથી કલમ ૩૧ ને અનુસરીને તે "નૉમીની" અથવા "નૉમીની" ઓને વધતામાં વધતા રૂ. ૧૦૦) તુરત આપવામાં આવશે. — તેને હીસાબે તરતની મદદ.

૩૪. જો એક મેમ્બર પોતાની હૈયાતીમાં પોતાના "નૉમીની" તરીકે એકથી વધુ સખસોને નેમશે અને તેમાંનો કોઈ તે મેમ્બરની હયાતીમાં મરણ પામશે અને કોઇબી કારણને લીધે તેની જગાએ બીજો "નૉમીની" નેમવામાં નહીં આવશે તો તેવા મેમ્બરની કજા રજાએ તેનો ફાળો તેના હૈયાત "નૉમીની" ઇયા "નૉમીની" ઓને એક સરખી રીતે આપવામાં આવશે. પણ જો કોઇ મેમ્બર મરણ પામે અને તે પછી તેનો "નૉમીની" અથવા "નૉમીની" ઓબી તેનો હીસ્સો લેવા અગાઉ મરણ પામે, તો વરકીંગ કમીટીની સરકારી કાયદા મુજબ ખાતરી કરી આપવાથી તે મરનાર મેમ્બરનો હીસ્સો, મજકુર મરણ પામેલા "નૉમીની" અથવા "નૉમીની" ઓના હકદાર વારસ અથવા વારસોને આપવામાં આવશે. — મેમ્બરનાં મરણ બાદ "નૉમીની" ના મરણથી ફાળો આપવાની રીત.

૩૫. જો કોઇ "નૉમીની" અથવા "નૉમીની" ઓ મેમ્બરની હઇયાતીમાં મરણ પામે, અને તે મેમ્બર પણ બીજો "નૉમીની" ઠરાવવાની આગમજ મરણ પામે, તો વરકીંગ કમીટીની સરકારી કાયદા મુજબ ખાતરી કરી આપવાથી, તે મરનાર મેમ્બરનો ફાળો તેવા મેમ્બરના વારસોને મળશે. — મેમ્બરના મરણ બાદ "નૉમીની" ની ગેરહાજરીમાં ફાળો આપવાની રીત.

## મરનાર મેમ્બરનો હીસ્સો.

૩૬. દરેક પેહેલા વર્ગના મેમ્બરના મરણ બાદ તેના "નૉમીની" અથવા "નૉમીની" ઓને નીચે પ્રમાણે હીસ્સો મળશે:— — પેહેલા વરગના મેમ્બરનો હીસ્સો.

દરેક પેહેલા તથા બીજા વર્ગના મેમ્બરો સોડેથી તેઓના વર્ગનો તથા દાખલ થતી વખતેની ઉમરને લગતો એકકો કૉલ લીધામાં આવશે, અને તેવાં વસુલ થયલાં નાણાં મધેથી સેંકડે ૧૨॥ ટકા ખરચના બાદ કરી, બાકીનું નાણું મરનાર મેમ્બરે ભરેલા "ઍડવાન્સ" કૉલ સાથે ઉમેરીને તેના "નૉમીની" ને કલમ ૩૨ને અનુસરીને હવાલે કરવામાં આવશે.

બીજા વરગના મેમ્બરનો હીસ્સો.

૩૭. દરેક બીજા વર્ગના મેમ્બરના મરણ બાદ તેના "નૉમીની" અથવા "નૉમીની" ઓને નીચે પ્રમાણે હીસ્સો મળશે:—

સઘળા પેહેલા તથા બીજા વર્ગના મેમ્બરો સોડેથી તેઓની દાખલ થવાની વયને લાગુ પડતો બીજા વર્ગનો એકકો કૉલ લઇ, તે મધેથી ઉપર લખ્યા પ્રમાણે ખરચના ટકા ૧૨॥ બાદ કરી, તે મરનાર મેમ્બરે ભરેલા "ઍડવાન્સ" કૉલ સાથે ઉમેરીને તેના 'નૉમીની'ઓને કલમ ૩૨ને અનુસરીને હવાલે કરવામાં આવશે.

ફંડના વધારાનો ઉપયોગ કરવાની રીત.

૩૮. ઉપર લખ્યા મુજબ કાપી લીધેલા ટકા ૧૨॥ની જમાવ થયલી રકમમાંથી ફંડનો સઘળો જરૂર જોગો ખરચ બાદ કરતાં જો કાંઇ રકમ બાકી રહેશે તો તે રીઝરવ ફંડ ખાતે લઇ જવામાં આવશે.

આપઘાત કરી મરણ પામેલા મેમ્બરના "નૉમીની"ને હીસ્સો મળશે નહી

૩૯. જો ફંડનો કોઇબી મેમ્બર પોતે ફંડમાં દાખલ થવાની તારીખથી ત્રણ વરસની મુદતમાં આપઘાત કરી મરણ પામશે તો તેના "નૉમીની"ને એ કારણના સબબથી કશો હીસ્સો મળશે નહીં.

## મેનેજીંગ કમીટી.

મેનેજીંગ કમીટી.

૪૦. મેનેજીંગ કમીટીમાં મરદ મેમ્બરોજ દાખલ થઇ શકશે અને તેની સંખ્યા, સેક્રેટરીઓ (જે જો ઓનરરી હશે તો "એકસ–ઓફીશીઓ" મેનેજીંગ કમીટીના મેમ્બર કહેવાશે) તે સુધાં વધતાંમાં વધતી ૨૧) ની, અથવા ઓછામાં ઓછી ૧૭)ની રહેશે, અને તેઓ સઘળા ઓનરરી કહેવાશે. અને તેઓ સઘળાને મેમબર તરીકે નોંધાવું જોઇશે.

પહેલી મેનેજીંગ કમીટી.

૪૧. ફંડની પેહલી મેનેજીંગ કમીટીના મેમ્બરો તરીકે નીચલા ગ્રહસ્થોને નેમવામાં આવ્યા છે:—

૧ ખા૦ બા૦ દારાશા ડોસાભાઈ.
૨ સરજન મેજર કે. સો. નરીમાન.
૩ દસ્તુર રૂસ્તમજી જમસેદજી.
૪ ખા૦ બા૦ નાનાભાઈ કાવરાજી.
૫ શેઠ બરજોરજી ન૦ વકીલ.
૬ ,, એદલજી પાલણજી લાલકાકા.
૭ ,, મંચેરજી દા૦ દાદીશેઠ.
૮ ,, રૂસ્તમજી ન૦ પટેલ, એકસ ઓફીશીઓ.
૯ ,, મંચેરશા પા૦ કેકોબાદ.
૧૦ ,, હોરમસજી ફ૦ દાકટર.
૧૧ ,, ખોસરૂભાઇ ન૦ બેરમાનખાન
૧૨ શેઠ દોરાબજી ટે૦ મારફતીઆ.
૧૩ દસ્તુર જમસેદજી ફરામજીરબાડી
૧૪ દા૦ દીનસાજી જી. એદલબેરામ.
૧૫ શેઠ હોરમસજી જ૦ સેક્રેટરી.
૧૬ ,, અરદેસર મેરવાનજી ગાંધી. એકસ ઓફીશીઓ.
૧૭ ,, આદરજી મંચેરજી દલાલ. (ભરૂચ)
૧૮ ,, શાપુરજી દા૦ મોટા શાપુરના. (વલશાડ.)
૧૯ ,, મે. પા. દીગરીઆ. (નવ૦)
૨૦ દસ્તુર રૂસ્તમજી જા૦ (નવસારી)

૪૨. ફંડની દર વારસીક જાહેર સભા વખતે મેનેજીંગ કમીટીના ચાર મેમ્બરો, વારી મુજબ, પોતાનો ઓધો છોડશે, અને એવી ખાંલી પડેલી જગ્યા ફંડના મેમ્બરો મધેથી પુરવામાં આવશે, પણ ઓધો છોડી જતા મેનેજીંગ કમીટીના મેમ્બરો પાછા નેમાઈ શકાશે. મેનેજીંગ કમીટીના મેમ્બરોએ ઓધો છોડવાની રીત.

૪૩. મેનેજીંગ કમીટીના મેમ્બરો પોતપોતામાંથી એક ગ્રહસ્થને પોતાના સરનશીન તરીકે દર સાલ ચુંટી કાઢશે, જે ગ્રહસ્થ મેનેજીંગ કમીટીની સઘળી સભાઓના, તેમજ ફંડની વારસીક તથા બીજી જાહેર સભાઓના સરનશીન તરીકે ગણાશે. સરનશીન.

૪૪. મેનેજીંગ કમીટી દર ત્રણ માસે અથવા જયારેબી કામ હશે ત્યારે પોતાની સગવડ મુજબના વખતે, તથા જગ્યાએ, ભેગી મળશે, અને તેઓમાંના ઓછામાં ઓછા સાત જણાનો "કોરમ" ગણાશે. મેનેજીંગ કમીટીની સભા તથા "કોરમ".

૪૫. સેકરેટરી મેનેજીંગ કમીટીની દરેક સભા હજુર ફંડના કામકાજ તથા વહીવટનો રીપોર્ટ રજુ કરશે, તથા દર સભા મધે થયલાં કામની વીગત, તે કારણ માટે રાખેલી ખાસ "મીનીટ બુક" મધે નોંધશે, જે નોંધો મેનેજીંગ કમીટીના મેમ્બરો તથા ઑડીટરો સીવાય, બીજા કોઇ ખાનગી આસામી યા ફંડના મેમ્બરને, મેનેજીંગ કમીટીની પરવાનગી વગર, દેખાડવામાં આવશે નહીં. મેનેજીંગ કમીટી હજુર થનારું કામ તથા "મીનીટ" બુક.

૪૬. ફંડના સરનશીન અથવા મેનેજીંગ કમીટીના કોઇ પણ પાંચ મેમ્બરો, જો મેનેજીંગ કમીટીની સભા કોઇ પણ કારણસર તાકીદથી બોલાવવાની સેકરેટરીને લખીને માગણી કરશે તો તેવી સભા તાકીદેથી બોલાવવામાં આવશે. પણ તેવી સભા બોલાવવાનું કારણ સ્પષ્ટ જણાવવું જોઇશે. મેનેજીંગ કમીટીની તાકીદની સભા.

૪૭. મેનેજીંગ કમીટી અથવા વરકીંગ કમીટીનો કોઈ પણ સભાસદ નીચલાં કારણો મધેના કોઇ પણ કારણથી પોતાના ઓધા માટે નાલાયક ઠરશે. કમીટીઓના મેમ્બરોની પોતાના ઓધા માટેની નાલાયકાત.

ક. રાજીનામું આપવાથી તથા તેની હયાતી ખતમ થવાને લીધે.

ખ. મેનેજીંગ કમીટીનો મેમ્બર જો છ માસની મુદત સુધી, તથા વરકીંગ કમીટીનો મેમ્બર ચાર માસની મુદત સુધી, લાગટ કમીટીમાંથી ગેરહાજર રહેશે તો.

ગ. જો નાદાર ઠરે તથા નાદારી સારૂ બીજા કોઇ

પણ ગુનાહ સારૂ જેહલની શીક્ષા ભોગવે, અથવા તો ફંડનો મેમ્બર ગણાતો બંધ પડે, અથવા તો કોઇ પણ શરીરના અથવા મગજના દુ:ખથી તે પોતાનું કામકાજ કરવાને અશક્ત થઇ પડે તો.

ક. જો તેને આ ખાતામાં ચાકરી મળે ઇંઆ જો આ ખાતાને લગતું કામકાજ કરનાર બીજા કોઇ ખાતામાં તેનો લાભ હોય તો.

ખાલી પડતી જગ્યાની નેમણુંક

૪૮. દર વરસની વારસીક જાહેર સભા અગાઉ, જો મેનેજીંગ અથવા વરકીંગ કમીટીના મેમ્બરનું રાજીનામું આપવાથી, અથવા હર કોઇ બીજાં કારણથી તેની જગ્યા ખાલી પડશે તો તે જગ્યા પર મેનેજીંગ કમીટી બીજો મેમ્બર નેમી શકશે, તેમજ જો જનરલ બોડી વધતામાં વધતી સંખ્યા મેનેજીંગ કમીટીની નહીં નેમે તો તે સંખ્યા સુધી કમીટી વધારી લેવાનો તેમનો હક છે.

જાયુકનો ખરચ કોણ કરશે.

૪૯. ફંડને લગતો સઘળો જાયુક ખરચ કરવાનો હક મેનેજીંગ કમીટીનો રેહેશે.

## વરકીંગ કમીટી.

વરકીંગકમીટી–તેનો હક.

૫૦. મેનેજીંગ કમીટી પોતાના મેમ્બરો મધેથી એક વરકીંગ કમીટી નેમશે અને વરકીંગ કમીટી આ ફંડના સેકરેટરી સીવાય બીજા સઘળા નોકરોને નેમવાનો, રજા આપવાનો તથા બરતરફ કરવાનો હક ધરાવશે.

તેની સંખ્યા તથા તેનો સેકરેટરી.

૫૧. વરકીંગ કમીટીના મેમ્બરોની સંખ્યા સેકરેટરીઓ સુધાં બારથી વધુ તથા સાતથી ઓછી થશે નહીં, અને વરકીંગ કમીટી મેનેજીંગ કનીટીની દેખરેખ હેઠળ ફંડનો સઘળો વહીવટ કરશે. મેનેજીંગ કમીટીના સેકરેટરીઓ તેજ વરકીંગ કમીટીના પણ સેકરેટરીઓ ગણાશે.

વરકીંગ કમીટીની સભા તથા "કોરમ."

૫૨. વરકીંગ કમીટીની સભા દર માસે, અથવા જયારેબી કાંઇ કામકાજ બજાવવું હશે ત્યારે, સેકરેટરી સરનશીનની પરવાનગીથી જે જગ્યાએ તથા વખતે બોલાવશે તે જગ્યાએ તથા વખતે ભેગી મળશે; અને તેઓમાંના ઓછામાં ઓછા ચાર જણનો "કોરમ" ગણાશે.

ફંડના નાણા રેકવાની રીત.

૫૩. ફંડનું નાણું સેવીંગ બેન્ક અથવા બીજી લાયક બેંક કે બેંકોમાં મેનેજીંગ કમીટીના સરનશીન, ઉવરકીંગ કમીટીના

સરનશીન અને એક સેક્રેટરીના નામ પર રાખવામાં આવશે અને પ્રસંગ પડવે કલમ ૧૮ને અનુસરીને તે નાણું અથવા તે મધેનો કોઇ પણ ભાગ ઉપલાજ ગૃહસ્થોની સહીથી ઉપાડી શકાશે તેમજ ભેગું થયલું નાણું વખતે વખત જેમ ફાવશે તેમ સરકારી જામીનગીરી વાળી નોટોમાં ઉપલાજ ગૃહસ્થોના નામ ઉપર રોકવામાં આવશે. પણ ઉપલા ગૃહસ્થો ઉપલાં નાણાંના ગેરવલે જવા માટે અગર કોઇબી પ્રકારે તેનો નાશ થવા માટે પોતાની ખરેખરી દેખાઇતી ભુલ અથવા ગફલતી સીવાય પોતે જવાબદાર અથવા તકસીરવાર ગણાશે નહીં.

૫૪. વરકીંગ કમીટી પોતામાંથી એક ગ્રહસ્થને પોતાની સભાના સરનસીન તરીકે દર સાલ ચુંટી કાઢશે. વરકીંગ કમીટીના સરનશીન.

૫૫. દર માસીક સભા ઉપરાંત કોઇ પણ વખતે વરકીંગ કમીટીના સરનશીન, અથવા તેના ત્રણ મેમ્બરો, વરકીંગ કમીટીની એક સભા કોઇ પણ કારણસર તાકીદેથી બોલાવવાની સેક્રેટરીને લખીને માગણી કરશે તો તેવી સભા તાકીદેથી બોલાવવામાં આવશે. વરકીંગ કમીટીની તાકીદની સભા.

૫૬. વરકીંગ કમીટીની દર સભા હજુર સેક્રેટરી ફંડની ઉપજ નીપજનો હીસાબ રજુ કરશે, અને દરેક સભા હજુર થયલાં કામકાજની વીગત, તે માટે ખાસ રાખેલી એક મીનીટ-બુકમાં, દાખલ કરશે, આ પ્રમાણે દાખલ કીધેલી નોધો બંને વરકીંગ તથા મેનેજીંગ કમીટીઓના મેમ્બરો તથા ઑડીટરો સીવાય, ફંડના મેમ્બરો, યા બીજા કોઇ પણ ખાનગી આસામીને, વરકીંગ કમીટીની પરવાનગી વગર બતાવવામાં આવશે નહીં. વરકીંગ કમીટીની હજુર થનારૂં કામ તથા "મીનીટ બુક."

૫૭. વરકીંગ કમીટીના બે મેમ્બરો વારી મુજબ ફંડની દર વારસીક સભા ભરવા પછી તરતજ પોતાનો ઓધો છોડશે, અને તેઓની જગ્યાએ મેનેજીંગ કમીટી પોતામાંથી બે મેમ્બરોની નેમણુંક કરી એ પ્રમાણે ખાલી પડેલી જગ્યા પુરશે, પણ ઓધો છોડી જતા બે મેમ્બરોને પાછા નેમી શકાશે. વરકીંગ કમીટીના મેમ્બરોએ ઓધો છોડવાની રીત.

## સેક્રેટરી.

૫૮. મેનેજીંગ કમીટી જોઇન્ટ સેક્રેટરીઓની નેમણુંક કરશે, જેઓ ઓનરરી અથવા જો ફંડની હાલત આબાદ હશે અને મેનેજીંગ કમીટીની નજરમાં આવશે તો પગારદાર નેમાશે અને તેઓ મેનેજીંગ કમીટી તથા વરકીંગ કમીટીની દેખરેખ તથા સેક્રેટરીની ફરજો.

હુકમ હેઠળ પોતાનું કામકાજ કરશે અને તેમની ફરજો ફંડના નાણા વસુલ કરવાની, તથા કૉલની સઘળી નોટીસો કાઢવાની તથા ફંડની આવક જાવકનો હીસાબ રાખવાની રહેશે. પોતાના હાથમાં આવેલાં સઘળાં નાણા માટે તેવણ જવાબદાર ગણાશે. ઉમેદવારોની સઘળી અરજીઓ તેવણ વખતે વખત વરકીંગ કમીટી હજુર રજુ કરશે, તથા મેનેજીંગ અને વરકીંગ કમીટીઓનો સઘળો પત્ર-વ્યવહાર ચલાવશે, તથા ફંડમાં દાખલ કીધેલા સઘળા મેમ્બરોને સરટીફીકેટ આપશે, તથા વરકીંગ કમીટીના હુકમથી મેમ્બરોના "નૉમીની" ઓની ફેરબદલીની સઘળી નોંધો કરશે. ફંડની આવક જાવકનો હીસાબ વરકીંગ કમીટીની દર માસીક સભા હજુર તેવણ રજુ કરશે, તથા જે મેમ્બરોએ પોતાની ઉપર નીકળતાં કૉલના નાણાં ઠરાવેલી મુદત સુધી પગાર કીધેલા નહીં હશે તેવા સઘળા મેમ્બરોના નામની એક ટીપ તેવણ સભા હજુર રજુ કરશે, તથા દર ત્રણ માસે મળનારી મેનેજીંગ કમીટી હજુર વરકીંગ કમીટીના કામકાજનો હેવાલ તે કમીટીની પરવાનગીથી રજુ કરશે. ફંડની વારસીક તથા બીજી જાહેર સભાઓ હજુર થયલાં કામકાજની નોંધ તે કારણ માટે ખાસ રાખેલી એક મીનીટ-બુકમાં કરશે, તથા તેવાં કામકાજોનો રીપોટ છપાવી દર વરસના સરવાયાં સુધાં મેમ્બરો મધે ફેરવશે. ફંડના મેમ્બરો, તથા તેઓએ નેમેલા "નૉમીની" ઓના નામની વીગતવાર ટીપો તે માટે ખાસ રાખેલાં જુદાં જુદાં દફતરોમાં તેવણ કરશે, તેમજ ફંડના સઘળાં ઓચરીઆં, કાગજ પત્રો, તથા સીલ વગેરે તેમના પોતાના સ્વાધીનમાં રેહેશે. આફીસના સઘળા કામદારો સેકરેટરીઓના હુકમમાં રેહેશે.

સેકરેટરીને તેના ઓધાથી દુર કરવાના કારણો. ૫૯. મેનેજીંગ કમીટી સેકરેટરીઓને તેમની નાલાયકાત અથવા પોતાની ફરજો બજાવવાની ગફલતી, અથવા બીજી કોઇ ગેરવરતણુક માટે કોઇ પણ વખતે પોતાની સભામાં હાજર રહેલા મેમ્બરોમાંના ઓછામાં ઓછા ૨/૩ મેમ્બરોના મતથી તેમના ઓધાથી દુર કરી શકશે.

### ઑડીટરો.

ઓડીટરો. ૬૦. મેનેજીંગ કમીટી પોતા સીવાય ફંડના મેમ્બરો મધેથી બે હીસાબ તપાસનારાઓ નેમશે.

૬૧. ઉપર મુજબ ઠરાવેલા ઑડીટરો કોઈ પણ ઘટતે વખતે ફંડના હીસાબના ચોપડાઓ તથા બીજાં આચરીઆંઓ, જામીનગીરીઓ વગેરે તપાસવાનો હક ધરાવશે. તેમના હક.

૬૨. ફંડની ઉપજ નીપજનું વારસીક સરવાયું મેનેજીંગ કમીટી તૈયાર કરાવી ઑડીટરો હજુર તપાસ માટે રજુ કરશે. મજકુર સરવાયું ઑડીટરો તપાસશે. તથા જો તે ખરૂં માલમ પડશે તો તે ઉપર પોતાની સહી કરશે, અને ત્યાર બાદ તે વારસીક જાહેર સભા હજુર રજુ કીધામાં આવશે. ફંડની ઉપજ નીપજનું વારસીક સરવાયું.

### દાકટરો.

૬૩. દાકટરો તરીકે નીચે જણાવેલા ગ્રહસ્થોને નેમવામાં આવ્યા છેઃ—એઓએ મેમ્બરને મુફત તપાસવાનું કબુલ્યું છે. દાકટરો.

સુરત ખાતે.

સરજન મેજર કે૦ સો૦ નરીમાન.
દા૦ ડોસાભાઈ પેશતનજી.
" નસરવાનજી નવરોજી.
" દીનશાજી જીવાજીએદલબેહેરામ
" પીરોશા પેસ્તનજી ભકકા.
" ફરદુનજી એદલજી શેરડીવાળા.
" પીરોજશા જમશેદજી.
" જામાસજી જીવાજી.
" સોરાબજી પેશતનજી.
" મેરવાનજી ટેમુલજી વઈદ.

ભરૂચ ખાતે.

સરજન મીશ્રી.

દા૦ અરદેશર જમસેદજી.
" સોરાબજી ફરામજી.
" બરજોરજી સોહોરાબશા.

નવસારી ખાતે.

દા૦ સોરાબજી ફ૦ ગઝદર.
" જમસદજી બે૦ વીમાદલાલ.
" દીનશા હો૦ મોતીવાળા.
" બેરામજી દા૦ રાણા.
" સોરાબજી માણકજી પાવરી.

વલસાડ ખાતે.

" પી૦ એચ૦ દાદાચાનજી.

અને તેઓમાં જે કાંઇ ફેરફાર કરવા પડશે તે મેનેજીંગ કમીટી કરશે. જે જે જગાએ વગર ફીએ તપાસવા માટે દાકટરોએ કબુલ્યું નહીં હોય તે તે ઠેકાણેના મેમ્બરોએ કમીશન્ડ મેડીકલ ઓફીસર કે મેડીકલ ગ્રેજ્યુએટનું સરટીફીકેટ રજુ કરવું જોઇશે ને તેવી સરટીફીકેટ માટેની ફી થનાર મેમ્બરે પોતેજ આપવી પડશે.

### મીટીંગ.

૬૪. ફંડની પેહેલી જાહેર સભા મેનેજીંગ કમીટીની નજરમાં આવશે તો, ફંડ સ્થાપન કરવાની તારીખથી છ માસની મુદતમાં મળશે, જે વેળાએ મેનેજીંગ કમીટી ફંડના કામકાજ તથા વહીવટની હાલતનો રીપોર્ટ મેમ્બરોની વાકેફગારી માટે રજુ કરશે. ફંડની પેહેલી જાહેર શભા.

ફંડની વારસીક સભા તથા તેનું વરસ કયારથી ગણાશે.

૬૫. ફંડની વારસીક જાહેર સભાઓ દર વરસે ફંડની સ્થાપનાનું વરસ પુરૂં થવા પછી માસ ત્રણની મુદતમાં મેનેજીંગ કમીટી જે જગ્યા તથા વખત ઠેરવે તે જગ્યાએ તથા વખતે ભેગી મળશે. આ ફંડનું વરસ શેહનશાહી પારસીઓના નવાં વરસને દહાડેથી શરૂ થશે.

રીપારટ તથા સરવાયું.

૬૬. દર વરસની વારસીક જાહેર સભા મળવાના દીવસની ઓછામાં ઓછા સાત દીવસ આગમજ મેનેજીંગ કમીટી તેના વહીવટને લગતો વારસીક રીપોર્ટ, તથા તેની ઉપજ નીપજનું સરવાયું મેમ્બરોની વાકેફગારી માટે છાપીને તેઓ વચ્ચે વેહેંચશે.

સાધારણ તથા અસાધારણ જાહેર સભાઓ.

૬૭. આવી સભાઓ સાધારણ જાહેર સભાઓ ગણવામાં આવશે. એ વતરોગેની બીજી સઘળી સભાઓને અસાધારણ યાને વીશેષ જાહેર સભાઓ કહેવામાં આવશે.

જાહેર સભાના સરનશીન.

૬૮. મેનેજીંગ કમીટીના સરનશીન આવી દરેક સભામાં સરનશીનની ખુરસી લેશે. પણ જો એવી સભામાં સરનશીન ગેરહાજર હશે તો હાજર રહેલા મેમ્બરો પોતપોતામાંથી કોઇ લાયક શખ્સને સરનશીન તરીકે ચુંટી કાઢશે.

જાહેર સભાનો "કોરમ"

૬૯. મેનેજીંગ કમીટીએ રેકવીઝીશન વગર પોતાની મેળે બોલાવેલી કોઈ પણ જાહેર સભામાં ઓછામાં ઓછા ૨૫ મેમ્બરો હાજર હોવા સીવાય તે સભાનું કામકાજ ચલાવવામાં આવશે નહીં.

અસાધારણ જાહેર સભા બોલાવવાની રીત.

૭૦. જો ફંડના પચાસ મેમ્બરો પોતાની સહીઓ સાથનાં રેકવીઝીશનથી મેનેજીંગ કમીટીને એક અસાધારણ અથવા વીશેષ જાહેર સભા બોલાવવાની માગણી કરશે તો તેઓ તેવી અસાધારણ અથવા વીશેષ જાહેર સભા બોલાવશે, તેમજ મેનેજીંગ કમીટીને જ્યારેબી પોતાને વાજબી દીસસે ત્યારે તેવી સભાઓ તેઓ બોલાવી શકશે.

તેનું કારણ.

૭૧. ઉપર મુજબના રેકવીઝીશનમાં મેમ્બરોએ, સભા શા કારણ માટે તેઓ બોલાવવા માંગે છે, તે કારણ ખુલ્લી રીતે જણાવવું જોઇશે, અને તે અરજી ફંડની આફીસ મધે પોંહોચાડવી જોઇશે.

તે બોલાવવાની મેનેજીંગ કમીટીની ફરજ.

૭૨. આવી અરજી મળવાથી મેનેજીંગ કમીટીએ એક જાહેર સભા બનતી સગવડે બોલાવવી જોઇશે. પણ જો તે અરજી મળવા પછીના ૨૧ દીવસ સુધીમાં તેવી સભા મેનેજીંગ ક-

ચીઠી નહીં બોલાવશે તો તે અરજી કરનારાઓ, અથવા બીજા કોઇ પણ ૫૦ સભાસદો પોતે તેવી સભા બોલાવી શકશે.

૭૩. સભા મળવાની જગ્યા, દીવસ, તથા વખત વીશેની ખબર મેમ્બરોને ઓછામાં ઓછી સભા મળવાના દીવસની સાત દહાડા આગમચથી, પોષ્ટ કાર્ડ અથવા ચીઠી મારફતે અથવા સુરત કે ભરૂચના એકાદાં ગુજરાતી પત્રમાં છપાવેલી જાહેર ખબરથી આપવામાં આવશે. પણ કોઇ મેમ્બરને તેવી ખબર નહીં મળે તો તેથી કાંઇ એવી જાહેર સભામાં થયલું કામકાજ રદ ગણી શકાશે નહીં. જો સભા કાંઇ ખાસ કારણ માટે બોલાવવામાં આવી હશે તો તે કામ શું છે તેની પણ ખબર મેમ્બરોને પોંહચાડવામાં આવશે. સભાઓ બોલાવવાની નોટીસ.

૭૪. સભાની પરવાનગીથી સરનશીન કોઇ પણ સભા મુલતવી રાખી શકશે; પણ એવી મુલતવી રહેલી સભામાં જે કામકાજ માટે તેની આગળની સભા મળી હોય, અથવા જે કામકાજ તે સભામાં થતું અધુરૂં રહી ગયું હોય, તે કામકાજ સીવાય બીજું કામકાજ કરવામાં આવશે નહીં. મુલતવી રહેલી સભાઓનું કામકાજ.

૭૫. સભા મળવાના ઠેરવેલા વખત પછીથી જો અરધા કલાક સુધીમાં ૫૦ મેમ્બરોની સંખ્યા હાજર નહીં હશે અને જો તે સભા મેમ્બરોના રેકવીઝીશન ઉપરથી બોલાવવામાં આવી હશે તો તે સભા બરખાસ્ત થયલી ગણાશે. પણ જો કોઇ સભા મેમ્બરોના રેકવીઝીશન ઉપરથી બોલાવેલી નહીં હશે તો ૨૫ મેમ્બરનું "કોરમ" ગણી કામ ચલાવવામાં આવશે ને જો તેટલીબી સંખ્યા ભેગી ન થાય તો તે સભા મુલતવી રાખવામાં આવશે, અને એવી મુલતવી રહેલી સભામાં પણ "કોરમ" નહીં હશે તો પછી તે સભાનું કામકાજ વગર "કોરમે" ચલાવવામાં આવશે. સભામાં કામકાજ કરવાની રીત.

૭૬. કોઇ પણ સાધારણ યા અસાધારણ જાહેર સભામાં એક ઠરાવ ઉપર મત લીધા પછી જો સરનશીન એવું જાહેર કરે કે તે ઠરાવ પસાર થયો છે, તો તેવું જાહેર કરવું તે ઠરાવ પસાર થવાની પુરતી સાબેતી તરીકે ગણવામાં આવશે. ઠરાવ પસાર થવાની સાબેતી.

૭૭. મેનેજીંગ કમીટીની કોઇ પણ સભા આગળ ફડચો થયલી બાબદ તે ફડચો થવાની તારીખથી ત્રણ માસની મુદતની અંદર મેનેજીંગ કમીટીના મેમ્બરો સોડે ફરીથી વીચાર ક- ફડચો થયલી બાબદ ફરીથી વીચાર કરવા માટે ક્યારે લાવવી.

રવા માટે લાવી શકાશે નહીં. તેમજ કોઇ પણ સાધારણ અથવા અસાધારણ જાહેર સભા હજુર ફડચો થયલી બાબદ, તે ફડચો થવાની તારીખથી ૭ માસની મુદતની અંદર ફંડના મેમ્બરો સોડે ફરીથી વીચાર કરવા માટે લાવી શકાશે નહીં.

દરખાસ્ત અથવા સૂચના લેવા અથવા નહીં લેવાની સત્તા.

૭૮. ફંડને ધોકો લાગે અથવા નુકશાન પુગે એવી કોઇ પણ મેમબર અથવા મેમબરો તરફથી દરખાસ્ત અથવા સૂચના આણુવામાં આવે તો તે કોઈ પણ સભામાં મુકવા અથવા નહીં મુકવાની, અથવા તે મેમબરોમાં કે કમિટીમાં ફેરવવા યા રદ કરવાની કુલ સત્તા મેનેજીંગ કમિટીના ચેરમેનને છે.

## મત.

મત.

૭૯. હાજર રહેલા સઘળા મેમ્બરોને કોઇ પણ બાબદ માટે એક મત આપવાનો હક રેહશે અને તેનો ફડચો ધારા પ્રમાણે સઘળાં કામકાજ માટે હાથ ઉંચા કરવાથી સરનશીન કરશે.

મત આપવાની નાલાયકાત.

૮૦. કોઇ પણ મેમ્બરોએ જ્યાં સુધી તેની ઉપરના નીકળતા લવાજમના નાણાં નોટીસ નીકળ્યા છતાં ૧૫ દીવસ સુધીમાં પગાર કીધેલાં નહીં હશે ત્યાં સુધી તેઓને મત આપવાનો કશો હક રેહશે નહીં.

## ખાતાંની ભાષા.

ખાતાંની ભાષા.

૮૧. આ ખાતાંનો સઘળો વહીવટ ગુજરાતી ભાષામાં રાખવા તથા ચલાવવામાં આવશે.

## ધારાનું બદલવું.

ધારાઓનું બદલવું વગેરે.

૮૨. ઉપર લખેલા કાયદાઓમાંનો કોઇ પણ કાયદો ફંડના મેમ્બરોની તે કારણ માટે બોલાવેલી સાધારણ યા અસાધારણ જાહેર સભા મધે હાજર રહેલા સભાસદોના ઓછામાં ઓછા ¾ ભાગના વધતાં મતથી કીધેલા એક ઠરાવની રૂહે કાહડી નાખી, યા બદલાઇ શકાશે; અને તેને બદલે કોઇ બીજો ઉમેરાઇ શકાશે.

# ફૉરમ ક.

(દાખલ થવાના અરજપત્રનો નમુનો.)

તાં૦ ______________ ૧૮૯. ______

**ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસના લાભના ફંડના સેકરેટરી જોગ.**

સાહેબ,

હું અરજ કરૂં છું કે ઉપલાં ફંડના પેહેલા/બીજા વર્ગના એક મેમ્બર તરીકે મને દાખલ કરશો અને આ અરજપત્રથી હું ઉપલાં ફંડના કાયદા તથા કાનુનો પ્રમાણે ચાલવાને કબુલાત આપું છું તથા બંધાઉં છું.

૨. મારા અરજપત્રના ફેસલા માટે જોઇતી વીગતો નીચે પ્રમાણે છેઃ—

આખું નામ તથા અટક ______________

ધંધો ______________ ઠેકાણું ______________

ઉમર ઇઆને ચાલતું વરસ ______________

"નૉમીની" અથવા "નૉમીની" ઓના નામ, ઉમર, ધંધો તથા ઠેકાણું. } ______________ ______________ ______________

૩. મારી ઉમરના પુરાવામાં આ અરજપત્ર સાથે મારો* ______________ રજુ કરૂં છું.

*ટપકો અથવા જન્મોત્રી અને તે ન હોય તો મેજીસ્ટરેટ કે મૅનેજીંગ કમીટીના એક મેમ્બર આગળ કરેલી પ્રતીજ્ઞા.

૪. ઉપલા ફંડના નેમેલા ડાકતર ______________ કમીશનડ મેડીકલ ઓફીસર ______________ કે મેડીકલ ગ્રેજ્યુએટ ______________ એ મારી વૈદક તપાસ કરી છે.

૫. ઉપલામાંની કોઇ પણ વીગત મેં આપેલી ખોટી ઠરશે તો આ ખાતાં ઉપરનો મારો સઘળો હક રદ બાતલ થશે.

સા૦ ______________

## ફૉરમ ખ.

(ઉમરની પ્રતીજ્ઞાનો નમુનો.)

## ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસના લાભનું ફંડ.

હું ________________________________ મારી ઉમર બાબે જે હકીકત જણાવું છું, તે ખરી છે એવું મારાં અંતઃકરણથી માની આ લખવાથી પ્રતીજ્ઞા પુર્વક એકરાર કરૂં છું કે સને ૧૮______ ના ____________ મહીનાની ____________ તારીખે મારો જન્મ થયો હતો,* અને મારૂં ચાલતું વરસ ________ મુ છે.

તા૦ ________________ ૧૮........

---

અરજદાર.

મારી રૂબરૂ એકરાર કર્યો છે.

---

મેજીસ્ટ્રેટ કે મેનેજીંગ કમીટીનો એક મેમ્બર.

* તારીખ તથા મહીનો જેમ બને તેમ ભરવાં પણ જો નહીં ભરી શકાય તો સને તો જરૂરજ ભરવો.

# ફૉરમ ગ.

## ( વૈદક તપાસની સરટીફીકેટ. )

## ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસના લાભનું ફંડ.

સરટીફીકેટનો નંબર ________ અરજપત્રનો નંબર ________

વર્ગ ________

ઉમેદવારનું નામ ________

આસરે ઉમર ________

તપાસ કરતી વખતે ઉમેદવારની તંદરોસ્તીની હાલત.

આગળ થયલાં દરદોની રહેલી અસર અને તેથી ભવીષમાં તંદરોસ્તીનો બીગાડો થવાનો ભય.

શરીર સંબંધી તથા લોહી વીકારના સામાન્ય દરદો:- (i. e. Organic and General Blood diseases.)

ડાકટરનો અભીપ્રાય:—

તા.

________

ડાકટર.

☞ દરેક વૈદક તપાસ કરનાર ડાકટરને અરજ કરવામાં આવે છે કે પોતાના અભીપ્રાયમાં ઉમેદવારની તંદરોસ્તી સાથે તાલુકો ધરાવનારી બીજી જેખી વીગત માલમ કરવા જોગ હોય તે જણાવવી. અને છેવટે મત આપવું કે તેવણે કરેલી વૈદક તપાસને આધારે ઉમેદવાર ફંડમાં દાખલ કરવા લાયક છે કે નહીં. એવું આપેલું મત હમેશાં ગુપ્ત રાખવામાં આવશે.

# ફૉરમ ઘ.

( સેક્રેટરીના જવાબનો નમુનો. )

## ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસના લાભનું ફંડ.

સુરત તા૦ ______________ ૧૮______

શેઠ / બાઇ ______________________ જોગ

જત તમારા તા૦ ______________ ના અરજપત્રના જવાબમાં તમોને લખી જણાવવાની મને ફરમાશ થઈ છે કે આ ફંડની વરકીંગ કમીટીએ તમારૂં નામ એ ફંડના પેહેલા/બીજા વર્ગના એક મેમ્બર તરીકે દાખલ કર્યું છે. ફંડના કાયદા તથા કાનુનો પ્રમાણે આ કાગજ મળવેથી દીવસ ૧૫) ની અંદર તમારા વર્ગની દાખલ થવાની ફીના રૂ૦ ______________ તથા તમારી ઉમરને લાગુ પડતા બે 'ઍડવાન્સ' કૉલના રૂ૦ ______________ તથા સરટીફીકેટ ઉપર લગાડવાની સ્ટેમ્પનો આનો એક, કુલે રૂ૦ ______________ મોકલાવી દીધા બાદ તમારૂં નામ દાખલ કીધેલી સરટીફીકેટ તમો લઇ જશો ઇચ્છા મંગાવી લેશો.

૨. ઉપલા ફંડના ઠેરવેલા કોઠા પ્રમાણે દર મેમ્બરના મરણ વખતે તમારે રૂ૦ ______________ નો કૉલ* આપવો પડશે.

લા૦ સેવક,

______________________________

ઑનરરી સેક્રેટરી.

* બીજા વર્ગના મેમ્બરના મરણ વખતે પેહેલા વર્ગવાળાએ એથી અરધો કૉલ આપવાનો છે.

# ફૉરમ ચ.

(દાખલ થવાની સરટીફીકેટનો નમુનો.)

## ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસના લાભનું ફંડ.

આ લખીત સરટીફીકેટ આપવામાં આવે છે કે શેઠ/બાઇ ____________

______________________________________________

ને આ ફંડના ________ વર્ગના એક મેમ્બર તરીકે આજ રોજે દાખલ કરવામાં આવ્યા/આવ્યાં છે. અને સદરહુ ફંડની સરતોને અનુસરીને તેવણુ ચાલશે તો તેમના મરણ બાદ તેમનાં છેલા ઠેરવેલા "નોમીની" અથવા "નોમીની"ઓ જેમનું/ના નામ સેક્રેટરીની સહી સાથે પછવાડેના પાના ઉપર આપ્યું/પ્યાં છે, તેઓને આ ફંડના કાયદા પ્રમાણે લાભ મળશે.

૨. આ સરટીફીકેટની તારીખથી ૬૦ દીવસ સુધીની મુદતમાં રૂલ ૧૧મી મુજબ આ ફંડનો લાભ મળશે નહીં.

સુરત તા૦ ____________ ૧૮૯____

____________

વરકીંગ કમીટીના ચેરમેન

____________

વરકીંગ કમીટીના મેમ્બર.

____________

ઑનરરી સેક્રેટરી.

| તારીખ. | "નૅામીની" ઓના નામ. | ધંધો. | ઠેકાણું. | સેક્રેટરીની સહી |
|---|---|---|---|---|
| | | | | |

## ફૉરમ છ.

(કૉલની નોટીસનો નમુનો.)

### ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસના લાભનું ફંડ.

કૉલ નંબર ____________

સુરત તા० ____________ १८

શેઠ / બાઇ ______________________________ જોગ.

જત ઉપલાં ફંડના ________ વર્ગના મેમ્બર, શેઠ / બાઇ ____________ ______________________ તા० ______________

१८ ને દીને ગુજરી જવાથી તમો ઉપર લાગુ પડતો રૂ० ________ નો એક કૉલ અત્રેથી કાહાડવામાં આવ્યો છે, જે, ફંડના કાયદાઓની ૨૨ મી કલમ પ્રમાણે ફંડની આફીસમાં અથવા પરગામ ખાતે ત્યાં નેમાયલા એજંટોને આ નોટીસ મળેથી દીન ૧૫ ની અંદર, મોકલી આપવાની તસ્દી લેવી.

લા० સેવક,

______________________

ઑનરરી સેકરેટરી.

## ફૉરમ જ.

(કૉલના નાણાની પોંહોંચનો નમુનો.)

### ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસના લાભનું ફંડ.

શેઠ / બાઇ ______________________________ ઉધાર.

જત તમોએ ઉપલાં ફંડના ____________ નંબરવાળા કૉલના નાણાં ભર્યા છે તેની આ પોંહોંચ તમોને આપી છે. રૂ० ____________

સુરત તા० ______________ १८

ભુલચુક લેવી દેવી સહી.

______________________

ઑનરરી સેકરેટરી.

## ફૉરમ ઝ.

(કૉલ વખતસર ન ભરવાને લીધે ચેતવણી પત્રનો નમુનો.)

## ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસના લાભનું ફંડ.

## ચેતવણી.

સુરત તા૦ ________________ ૧૮

શેઠ / બાઇ ________________________ જોગ.

જત તમોએ હજુ સુધી તા૦ ________________ ૧૮ ને દીને કાહાડેલા ઉપેલાં ફંડને લગતા કૉલ નંબર ____________ ના નાણાં ભર્યા નથી, તેથી ફંડના કાયદાઓની કલમ ૨૭ ની પ્રમાણે તમોને ચેતવણી આપવામાં આવે છે કે જો બીજા પંદર દીવસની મુદતમાં તમો તમારા કૉલના નાણા મોકલી આપશો નહીં તો તમારૂં નામ આ ફંડના દફતરમાંથી કાહાડી નાખવામાં આવશે, અને ઉપલી કલમ મધે જણાવ્યા પ્રમાણે ફંડની તમારી સરટીફીકેટ તથા ફંડ ઉપરનો તમારો સઘળો હક તથા દાવો રદ બાતલ જશે.

લા૦ સેવક,

________________________

**ઑનરરી સેક્રેટરી.**

# ગુજરાતના જરથોસ્તીઓના મરણ વખતના અરસપરસના લાભનું ફંડ.

## "ડીપૉઝીટ" યાને અનામત ખાતું.

ઉપલાં ફંડના બહારગામ વગેરેના મેમ્બરોની સગવડ સાચવવા તેમજ એક રીતે ફંડને મુસ્તકીમ બનાવવાને અર્થે આ ફંડની મેનેજીંગ કમીટીએ મેમ્બરો માટે અનામત યા "ડીપૉઝીટ" ખાતાં ઉઘાડવાનું દુરસ્ત ધીચાર્યું છે. એ અનામત ખાતાનો વહીવટ ચલાવવા માટે નીચે જણાવેલા કાયદા કાનુનો ઘડવામાં આવ્યા છેઃ—

૧. અનામત ખાતાંને "ડીપૉઝીટ" ખાતું અને અનામત ખાતું રાખનાર મેમ્બરને "ડીપૉઝીટર"ને નામથી ઓળખવામાં આવશે.

૨. "ડીપૉઝીટ" તરીકે પેહેલા વર્ગના મેમ્બર સોડેથી રૂ. ૩૦) અને બીજા વર્ગના મેમ્બર સોડેથી રૂ. ૧૫) થી ઓછી રકમ લેવામાં આવશે નહીં. એવી "ડીપૉઝીટ" ઉપર કોઇને કશુંબી બ્યાજ આપવામાં આવશે નહીં.

૩. દરેક "ડીપૉઝીટર"ને તેના "ડીપૉઝીટ" નાણા માટે સેક્રેટરીની સહી સાથની એક રસીદ આપવામાં આવશે. જે તેણે પોતાની પાસે સાચવી રાખવી પડશે અને જ્યારે જરૂર પડે ત્યારે હાજર કરવી જોઇશે.

૪. જો "ડીપૉઝીટ" રસીદ ખોવાઇ જશે અથવા તેનો કોઈ પ્રકારે નાશ થશે અથવા કોઇબી રીતે તે ગેરવલે જશે તો તે બાબેનો વરકીંગ કમીટીને ખુલાસો કર્યાથી રૂ. ૦॥) ની ફી લઇ બીજી ડુપલીકેટ રસીદ આપવામાં આવશે.

૫. દરેક "ડીપૉઝીટર"નો હીસાબ જુદો રાખવામાં આવશે અને તેના "ડીપૉઝીટ" માંથી તેની ઉપર આ ફંડ તરફથી નીકળતા તેની ઉમરને લાગુ પડતા કૉલો વસુલ કરવામાં આવશે. એવા વસુલ કીધેલા કૉલની પહોંચ "ડીપૉઝીટર"ને ખરચે તેના નોંધાવેલાં સરનામે મોકલવામાં આવશે.

૬. દરેક "ડીપૉઝીટર"ની ઉમરને લાગુ પડતા ૭ કૉલ ભરાય એટલાં નાણા તેના "ડીપૉઝીટ" ખાતે જ્યારે બાકી રહેશે ત્યારે તેને તે બાબે સેક્રેટરી તરફથી એક લખીત ચેતવણી પહોંચાડવામાં આવશે. અને આવી ચેતવણી તેને મળ્યાની તારીખથી બે માસની મુદતમાં તે જો નવે-

સર ડીપૉઝીટની રકમ ભરશે નહીં તો તેને સાધારણ મેમ્બર તરીકે ગણવામાં આવશે.

૭. જો કોઇ "ડીપૉઝીટર" ફંડ સાથનો પોતાનો હક ઈલાકો છોડી જશે તો તેની "ડીપૉઝીટ" રસીદ બતાવ્યાથી તેને ખાતે જે "ડીપૉઝીટ" બાકી હશે તે તેની ઘટતી પહોંચ લઇ સ્વાધીન કરવામાં આવશે.

૮. જો કોઇ "ડીપૉઝીટર" મરણ પામશે તો તેની "ડીપૉઝીટ" બાકી તેના "નૉમીની" યા "નૉમીની" ઓને અને તેમની કઝારઝા બાદ તેમના વારસ યા વારસોને તેમને મળતા ફંડના ફાલા સાથે ઉમેરીને આપવામાં આવશે અને તે વખતે તેણે ફંડના કાયદામાં જણાવેલા મરણ તથા "નૉમીની" ના પુરાવા સાથે "ડીપૉઝીટ" રસીદ પણ રજુ કરવી જોઇશે.

૯. જો કોઇ "ડીપૉઝીટર" ના મરણની ખબર તેના "નૉમીની" અથવા "નૉમીની" ઓ તથા તેમની કઝારઝા બાદ તેમના વારસ યા વારસો વેગાસર કોઇબી કારણને લીધે ફંડની આફીસમાં નહીં પહોંચાડી શકશે અને એવી ખબરની ગેરહાજરીમાં મજકુર મરનાર "ડીપૉઝીટર" ના મરણ પછી પણ ફંડમાંથી નીકળતા ફાલ તેની "ડીપૉઝીટ" બાકીમાંથી વસુલ કરવામાં આવ્યા હશે અને જે તે મજકુર મરનાર "ડીપૉઝીટર" ઉપર લાગુ નહીંબી પડતા હશે તે છતાં તે માટે વરકીંગ કમીટી જવાબદાર અથવા જોખમદાર ઠરશે નહીં.



# પેહેલી વરકીંગ કમીટી.

## સરનશીન.

શેઠ એદલજી પાલનજી લાલકાકા.

## મેમ્બરો.

શેઠ મનચેરજી દાદાભાઇ દાદીશેઠ.

„ શાપુરજી દાદાભાઇ મોટાશાપુરના (વલસાડવાળા)

„ મેહેરવાનજી પાલનજી દીગરીઆ (નવસારીવાળા)

દાકટર દીનશા જીવાજી એદલબેહેરામ.

દસ્તુર જમસેદજી ફરામજી રબાડી.

શેઠ મનચેરશા પાલનજી કેકોબાદ.

„ દોરાબજી ટેમુલજી મારફતીઆ.

„ હોરમસજી ફરદુનજી ડાકટર.

„ હોરમસજી જમસેદજી સેક્રેટરી.

„ રૂસ્તમજી નવરોજી પટેલ. }
„ અરદેશર મેહેરવાનજી ગાંધી. } એકસ આફીશ્યો.

## ધારા સંબંધી ઑનરરી સલાહકારો.

શેઠ મનચેરજી દાદાભાઇ દાદીશેઠ (બેરીસ્ટર—એટ—લૉ)

„ બેરજોરજી નસરવાનજી વકીલ (હાઇકોર્ટ પ્લીડર)

## ઑનરરી સેક્રેટરીઓ.

શેઠ રૂસ્તમજી નવરોજી પટેલ.

„ અરદેશર મેહેરવાનજી ગાંધી.